# અર્હદ્ પ્રેરણા પત્ર



❖ વર્ષ : 26 ❖ અંક : 6
❖ S.No. : 423 ❖ તા.16-9-2020 ❖ સપ્ટેમ્બર
છૂટક નકલ : રૂા. 6/-

## જૈન એલર્ટ ગ્રુપ દ્વારા લોકડાઉનમાં યુવાનો દ્વારા વિવિધ એક્ટીવિટી




જૈન એલર્ટ યુવાનો દ્વારા અબોલ જીવોને રોટી વિતરણ

## શાહપુર તીર્થમાં પર્યુષણની ભવ્ય અંગરચના



સૌજન્ય : માતુશ્રી શોભનાબેન અમરીષભાઈ શાહ, હ. ભાવિન, શ્રેણુજ

|| શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ||



**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.મુનિશ્રી હૃદયરત્ન વિ.મ.**


અર્હદ્

# પ્રેરણા પત્ર

**વર્ષ : 27 ❖ અંક : 1**
**S.No. : 423 ❖ વિ.સં.2076**
**તા.16-9-2020 ❖ સપ્ટેમ્બર**

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

૨૪૩, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪.
ફોન : 022-23631564, 23808621
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–


## પ્રાર્થના

**હે** કરૂણાસાગર ! કોરોનાની આ મહામારીએ આખા વિશ્વનો આર્તધ્યાનમાં નાંખ્યું છે ! ઘર ઘરમાં ભય વ્યાપી ગયો છે. કોઈ ચિંતાથી મુક્ત નથી. મોટા મોટા મહાનગરો ધમધમતાં હતાં. અત્યારે ચૂપ થઈ ગયા છે. બધા જ ઘરમાં ભરાઈ ગયા છે. પ્રભુ ! તું ય બાકી નથી. તારા મંદિરો – દેવળો – મસ્જિદો – ગુરુદ્વારાઓ અને જિનાલયોને તાળા લાગી ગયા છે.

જ્યારે વિશ્વ આખું ભયંકર મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે તું કેમ ઊંઘે છે ? તે સમજાતું નથી. અમારું એવું તે કયું પાપ ઉદયમાં આવ્યું કે, કર્મસત્તા ટપોટપ નિર્દોષ માનવોને ઉપાડી રહી છે અને તે ય હજારો... લાખોની સંખ્યામાં ? સાંભળ્યું છે, જ્યારે પૃથ્વી ઉપર પાપનો ભાર વધી જાય છે ત્યારે કર્મસત્તા મૃત્યુનો એવો કોરડો વિંઝે છે કે તેમાં નિર્દોષો પણ હોમાઈ જાય છે ! તે કોરડો વાયરસ રૂપે, ભૂકંપ રૂપે કે સુનામી રૂપે હોય છે.

હે દીનાનાથ ! હવે તો હદ થઈ ગઈ છે. ચાર ચાર મહિનાથી ચાલતો મોતનો આ સિલસીલો હવે જોવાતો નથી. તું હવે ઉઠ–જાગ, લોકો હવે તો ધર્મ કરવા લાગ્યા છે. તેની કદર કરીને પણ તું મંદિરમાંથી બહાર નીકળી અમને બચાવ ! જેથી અમે તારી ભક્તિ કરી શકીએ. પ્રભઉ હું તને પ્રોમીસ આપું છું કે હવે પછી મારું જીવન ઓછા પાપથી ચલાવીશ. બીનજરૂરી પાપો નહીં કરું.

## સંવેદના

**ભા**રતની પ્રજામાં આર્ય સંસ્કૃતિના મૂળ ઊંડા છે. એવું લાગ્યા વિના રહેતું નથી. કહેવાય છે, આપાત્ કાલે માણસનો સ્વભાવ બહાર આવે છે. કોરોના મહામારીના કાળમાં, મોતના ભયંકર તાંડવ વચ્ચે પણ અનેક જગ્યાએ માનવતા–મહામાનવતાના દર્શન થયા.

ગરીબો, મજૂરો, નિઃસહાય લોકોને જોઈ અનેકોના અંતરમાં દયા, કરુણા, અનુકંપાનો દીવો પ્રગટ્યો. સરકારથી લઈ સામાન્ય માણસ પણ પરોપકારમાં તત્પર બન્યો. અનેક ડૉક્ટરો, વોરિયર કાર્યકરો પણ પોતાનું કર્તવ્ય ઉપરાંત લોકોના જાન–માલ બચાવવા માણસાઈથી ઉભરાવા લાગ્યા. જ્યાં ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય તે ન્યાયે ક્યાંક જનતાને લુંટવાના બનાવો પણ બન્યા. તેથી તો સારાની કિંમત અંકાય છે !

મંદિરમાં રહેલા ભગવાન અનેક પુણ્યવંતા લોકોના અંતરમાં જઈ બેઠા. તેમના દ્વારા જીવદયા, અનુકંપા, સહાય, સાધર્મિકભક્તિ, સાધુભક્તિ આદિ અનેક કાર્યો પ્રભુએ કરાવ્યા. મંદિર બંધ થયા તો ધાર્મિક લોકોના ઘર મંદિર બન્યા. ફરજીયાત આવી પડેલા અવકાશમાં આબાલવૃદ્ધો ધર્મ ક્રિયાઓમાં જોડાયા. પાપો બંધ થયા. વાતાવરણ શુદ્ધ થવા લાગ્યું છે. કોરોના કેવી રીતે જશે તે ખબર નથી. પરંતુ લોકોની આ ધર્મભાવના જ તેમને કોરોનાથી બચાવશે તે નક્કી છે. આપાત્કાળમાં પણ ખરેખર ધર્મ જ કર્તવ્ય, ઉપાદેય બને છે, બીજુ પછી.




**હેમસૂત્ર** બીજા પ્રત્યે 'આ તો પારકા છે' એવો બોધ (પારકાપણાનો બોધ) ઝઘડા કરાવે છે. જ્યારે 'મારા પણાનો' બોધ બીજા પ્રત્યે ઝઘડાના પ્રસંગે પણ સમાધાન કરાવે છે. માટે સહુને પોતાના સમજી ચાલો.

# 27- यतितव्यं योगसिद्धौ (5)

## યોગ સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

સુરિપુરંદર ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા યોગપૂર્વ સેવાના કર્તવ્યો અંતર્ગત યોગસિદ્ધિમાં પ્રયત્ન કરવાની વાત કરી રહ્યા છે.

આપણે અહીં યોગ બીજોની વાત ચાલી રહી છે. જેમાં પહેલું યોગબીજ 'जिनेषु कुशलं चित्तं' કહ્યું. પ્રભુ મહાન લાગે, પ્રભુ માટે અત્યંત અહોભાવ જાગે એવો અહોભાવ, એવી પ્રીતિ કે પ્રભુ સર્વસ્વ લાગે, તેમના પૂજન અર્ચન માટે, તેમની સેવા માટે પોતાની સંપત્તિનો સદ્વ્યય કરવાનું મન થાય. પ્રભુ માટે તમામ સંપત્તિ ન્યોછાવર કરવાનું મન થાય. આ છે દ્રવ્ય સંકોચ, જેની વાત થઈ.



સંકોચ એટલે દ્રવ્યથી સદ્વ્યય કરવો તે અને ભાવથી શરીરનો શ્રમ વગેરે લેવો તે છે.

દ્રવ્યસંકોચ એટલે બાહ્યદ્રવ્યો અને શરીર સંકોચ બે પ્રકારે છે. જેમાં પ્રભુ પૂજા માટે પોતાના ઉપભોગની સામગ્રીમાંથી ઉત્તમ વસ્તુઓ કાઢી પ્રભુના ચરણે ચડાવવી તે.

અજૈન રામાયણનો એક પ્રસંગ છે. શબરી ભીલડીએ શ્રીરામ માટે પોતાના બોરમાંથી ઉત્તમ બોર વીણી વીણીને કાઢ્યાં. વળી કદાચ ખાટાં ન હોય તે માટે ચાખી ચાખી મીઠાં મીઠાં બોરથી શ્રીરામની આગતા સ્વાગતા કરી. આ શબરી પણ રામની સાથે રામાયણ જેવા મહાન ગ્રંથના પાને અંકિત થઈ ગઈ. પ્રભુની પૂજા વિધિપૂર્વક અને અંતરના અહોભાવપૂર્વક થાય તો તે પૂજા પૂજાયોગ બને. પ્રચંડ પુણ્યબંધ કરાવવા સાથે ચિક્કાર કર્મનિર્જરા કરાવે. પૂજા માત્ર વૈજ્ઞાનિક નહિ પણ પરાવૈજ્ઞાનિક પ્રયોગ છે. પૂજા કરવા દ્વારા તમે તમારી નાશવંત ભોગ સામગ્રી પ્રભુને ચડાવી શાશ્વત સુખને તમારા અંતરમાં ટ્રાન્સફર કરો છો. તમે જેટલી ઉત્તમ વસ્તુ અને ઉત્તમ ભાવ પ્રભુના ચરણે ચડાવશો તેટલી ઉત્તમ પ્રભુતા અને ઉત્તમ સુખોની પરંપરા તમને મળે છે. આ બધુ માંગવાની ચીજ નથી. ઉલટું માંગવાથી તો ફળ મર્યાદિત થઈ જાય છે.

'ગીવ એન્ડ ટેક' તે દુનિયાનું સૂત્ર છે. અહીં આ સૂત્ર વિશેષ રીતે ખુલે છે. થોડું આપો અનંત મેળવો ! તે થોડું પણ ઉદારતાથી, અહોભાવ પૂર્વક, સેવકભાવે આપો તો તેના બદલામાં મળવાની ચીજોના ગુણાકાર થાય.

પ્રભુ એક એવું ઐશ્વર્ય છે જેનો જોટો દુનિયામાં નહિ મળે. દુનિયામાં તમે કોઈને ગમે તેટલી ઉત્તમ ચીજ આપશો તો સામે તે વ્યક્તિ તરફથી તમને મળનારી ચીજ ભલે ગમે તેટલી ઉત્તમ હોય પણ તેની ઉપર કાળ મર્યાદા તો લાગેલી જ હશે. તે ચીજ ગમે ત્યારે નાશ પામવાની છે. અરે ! કોઈ અધિષ્ઠાયક દેવ પણ તમારા ઉપર પ્રસન્ન બની ગયા અને તમને માંગવાનું કહે, તમે દુનિયાની તમામ ઋદ્ધિ કદાચ માંગી લો અને મળી પણ જાય અને સ્વર્ગના સુખો પણ તે દેવ તમને આપી દે પરંતુ તે તમામ સુખો કે ચીજો એક દિવસ પૂરી થઈ જવાની, કારણ તેનો સ્વભાવ જ નાશવંત છે.

શાશ્વત ચીજો આપવાની શક્તિ અને સામર્થ્ય માત્ર પ્રભુમાં જ છે. પ્રભુના ધર્મમાં જ છે. ધર્મ પાસે બધુ જ છે. ભૌતિક સામર્થ્ય પણ અકલ્પ્ય છે. તેમ આધ્યાત્મિક સામર્થ્ય પણ ટોચ કક્ષાનું છે.

પરમાત્માને તમે થોડુંક જ ભલે આપો, તે ઉત્તમ ચીજ શુદ્ધભાવથી, ઉદારતા-પૂર્વક અને અત્યંત અહોભાવપૂર્વક જો આપેલું હશે તો તેના બદલામાં પ્રભુ તમને એવા સુખો આપશે. જેનાથી તમને પરંપરાએ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.

દ્રવ્ય સંકોચ : પ્રભુભક્તિ કરવા પોતાના દ્રવ્યનો ઉદારતાપૂર્વક સદ્વ્યય કરવો તે છે. જેમાં પૂજા માટે દૂધ, કેશર, ચંદન, પુષ્પો, વસ્ત્રો, ધૂપ, ઘી, વરખ, આભૂષણ વગેરે તથા પ્રભુના ગૃહ જિનાલયથી લઈ શિખરબંધી જિનાલય બનાવવા સુધી, વળી પ્રભુની સુંદર પ્રતિમા ભરાવવા સુધીની તમામ સામગ્રી ઉત્તમ વાપરવા દ્વારા પોતાની સંપત્તિનો સદ્વ્યય કરવો તે શ્રેષ્ઠ આરાધના છે.

વળી લોકો પરમાત્માની ભક્તિ-પૂજા કરી શકે તે માટે પ્રભુના પ્રસંગો ઊભા કરવા. પાંચ કલ્યાણકોની ઉજવણી કરવી વગેરે દ્વારા જગતમાં પ્રભુનો પ્રભાવ વધારવા પોતાની સંપત્તિનો સદ્વ્યય કરવો. લોકો પ્રભુને પૂજે, માને, સત્કારે તે માટે પ્રવચનો કરવા, કરાવવા, તેમાં થતો સદ્વ્યય તે દ્રવ્યસંકોચ છે. જે અનેકોને માટે યોગબીજનું કારણ બને છે.

શરીર સંકોચ એટલે ધર્મ આરાધના કરતાં શરીરને ક્રિયાયોગમાં જોડવું. ઊભા ઊભા ખમાસમણા આપવા, યોગ્ય મુદ્રાઓ સાથે સૂત્રો બોલવા. કાયોત્સર્ગમાં નિશ્ચલ ઊભા રહેવું. પરિસહો સહન કરવા. ટૂંકમાં ધર્મ આરાધના કરવા શરીરની સુકુમાલતા છોડી, પ્રમાદ છોડી શારીરિક શ્રમ-પરિશ્રમકરવો તે શરીર સંકોચ છે.

શરીરનો ધર્મક્રિયાઓમાં ઉપયોગ કરવાથી કાયશુદ્ધિ થાય છે. તેનાથી ભવાંતરમાં બળ અધિક મળે છે. અરે આ ભવમાં

પણ તેના ફળ મળે છે.

ક્રિયાઓમાં પણ વ્યાયામનું વિજ્ઞાન જોડાયેલું છે. જેમકે એક ખમાસમણ સત્તર સંડાસપૂર્વક (વિધિપૂર્વક) આપવાથી ૮૪ પ્રકારના વ્યાયામ થાય છે. તેથી ભૌતિક શરીરને પણ ફાયદો થાય છે. શરીર કસાય છે. સવારનું કે સાંજનું પ્રતિક્રમણ કરનારને ૫૦ ઉપરાંત ખમાસમણા દેવા પડે છે. જો આ ક્રિયા વિધિપૂર્વક થાય તો ચડ્ડી પહેરી દરિયા કિનારે દોડવા ન જવું પડે. ઓટોમેટિક ચરબી ઉતરવા લાગે અને તે ધર્મક્રિયાઓથી પુણ્યબંધ થાય તે અલગ એટલે ધર્મ આરાધના માટે દ્રવ્ય સંકોચ અને શરીર સંકોચ કરવો જોઈએ.

**ભાવસંકોચની વાત :** સંસાર પ્રત્યે તમારો જે આદર પડ્યો છે, જે બહુમાન તમે સંસારને આપો છો અને જેટલો તમને સંસારની ક્રિયાઓમાં રસ પડે છે તેનાથી અધિક આદર, અધિક બહુમાન જો ધર્મ ઉપર, ભગવાન ઉપર થાય, તેમાં અધિક રસ પડે, પ્રેમ જાગે, લાગણી થાય તો તે ભાવ સંકોચ છે.

પ્રભુ કરતાં (ધર્મ કરતાં) દુનિયાની કોઈ ચીજ કિંમતી ન લાગે. કોઈ ચીજ વહાલી ન લાગે. આવું પ્રભુજી પ્રત્યેનું ઉત્કૃષ્ટ બહુમાન, પ્રભુની સ્મૃતિ હૃદયમાં સતત રહ્યા કરે, જડ પદાર્થો ઉપરથી બહુમાન, પ્રેમ-લાગણી ઉડી જઈ બધું પ્રભુ તરફ પેદા થાય, પરિવાર ઉપરથી પ્રેમ-મમતા ઉઠાવી લઈ પ્રભુમાં જોડવું તે ભાવ સંકોચ છે.

આ બધું ક્યારે થાય ? જો ભગવાન મહાન લાગે તો ! પુત્ર વહાલો લાગે છે તો તેના માટે બધુ કરવા તૈયાર, તે ભૂલ કરે તો માફ કરવા પણ તૈયાર. પુત્ર તમારી નજર સામે જ રહેવો જોઈએ, કલાક બે કલાક ન દેખાય તો તમે બેચેન બની જાઓ, દીકરો ક્યાં ગયો ? હજુ કેમ આવ્યો નથી ? આ મમતા ને લાગણી પ્રભુમાં જોડાય ત્યારે પ્રભુ સાથે પ્રીત થાય.

યોગનો રાજમાર્ગ પ્રભુ સાથેની પ્રીત છે.

ઉપરોક્ત વાક્ય પૂજ્યપાદ કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાનું છે. તેઓશ્રીની પ્રભુપ્રીત શ્રીસંઘમાં જાણીતી છે. જિનાલયમાં જવાનો સમય નક્કી હોય, નીકળવાનો સમય નહિ, એવી પ્રીત જામે કે જાણે ભગવાન સાથે સ્તવન, સ્તોત્રોના માધ્યમે વાર્તાલાપ કરે. નવકારશી પણ ચાલી જાય, પોરિસી પણ ચાલી જાય અને ક્યારેક સાઢપોરિસી પણ થાકી જાય પરંતુ તેઓ ન થાકે. પ્રીતમ સાથે પ્રીત કરવામાં કોઈ થાક્યું જાણ્યું નથી ! તેઓશ્રીના પુસ્તકો વાંચશો તો ખબર પડશે કે તેઓશ્રી પ્રભુને કેટલા મહાન માનતા હતા. જેથી આટલી પ્રીત ઉભરાતી હતી. તેઓશ્રીના લખાણો અને સંવેદનાઓમાંથી પ્રભુ સાથે પ્રીત કરવાની ચાવીઓ તમને મળશે.

પ્રભુ પ્રત્યે અહોભાવ જાગે પછી ધર્મની (પ્રભુએ કહેલી) તમામ ક્રિયાઓથી યોગબીજ આત્મામાં વવાય.

કુશલચિત્ત એટલે શું ? પ્રભુ પ્રત્યે પ્રીતિ, આદરવાળું ચિત્ત તે કુશલચિત્ત આવા ચિત્ત સાથે થતી યોગક્રિયાઓ યોગ લાવવા સફળ બને. ભગવાન મહાન લાગે તે માટે શું કરવું ?

તમારી સોસાયટીમાં અમીતાભ બચ્ચન આવ્યો હોય તો તેને જોવાની, તેની સાથે વાત કરવાની તમારી ઉત્કંઠા કેટલી ? ટોળે ટોળાં ઉભરાય. કેમ? તો તમે તેને મહાન કલાકાર તરીકે ઓળખો છો. તેને ફિલ્મોમાં જોયો છે અને માણ્યો છે. પ્રસિદ્ધ મહાન વ્યક્તિઓને ઓળખ્યા પછી તેના પ્રત્યે જેમ અહોભાવ થાય છે. તેને મળવાનું મન થાય છે. તેનું સાન્નિધ્ય ગમે છે. વળી તમારો ઉપકારી હોય તો તેના ઉપર તમે ઓવારી જાઓ છો.

પ્રભુ પ્રત્યે આવો અહોભાવ ક્યારે ઉત્પન્ન થાય ? જ્યારે પ્રભુ આટલા બધા મહાન છે તે સમજાય ! પ્રભુની મહાનતા, પ્રભુના પ્રભાવના શાસ્ત્રોમાં ઠેર ઠેર વર્ણન આવે છે. પ્રભુ માટે હજારો સ્તવનો, સ્તોત્રો, ગીતો બન્યા છે. તેનો તમારે અભ્યાસ કરવો જોઈએ.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજીએ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર મહાગ્રંથની રચના કરી છે. તેમાં ૨૪ તીર્થંકરોના વિસ્તારથી ચરિત્રો લખ્યા છે. તે વાંચવાથી ખ્યાલ આવે કે ભગવાન કેવા મહાન હતા.

પ્રભુ ગર્ભમાં પધારે ત્યારથી લઈ નિર્વાણ સુધીની સીરીયલ તમામ મગજમાં હોય, અરે ! બધું નહિ, કેટલાક પ્રસંગો પણ તમારા માઈંડમાં હોય તો તે તે તીર્થંકર પરમાત્મા આગળ બેસી તે અવસ્થાઓનું ચિંતન તમે કરી શકો. આ બધું તો ખરું માત્ર પ્રભુના સ્તવનો પણ તમે કરો તો તેમાંય પ્રભુના ગુણો વગેરેથી પ્રભુની મહાનતાના દર્શન થશે.

પ્રભુ મહાન લાગે તેના માટે શું વિચારવું તેની કેટલીક વાતો અહીં કરી છે.

**પ્રભુ માટે મનથી કુશલ ચિંતન :**

પ્રભુની પૂજા પછી ભાવપૂજા રૂપ ચૈત્યવંદન કરવાનું હોય છે. તે ચૈત્યવંદન કર્યા પછી પ્રભુનું ધ્યાન કરવાનું છે. તે ધ્યાન શેનું ? તો તેમાં પ્રભુની ત્રણ અવસ્થાઓનું ભાવન-ચિંતન કરવાની વાત આવે છે.

૧લી અવસ્થા છે **પિંડસ્થ** એટલે પ્રભુ ગર્ભમાં આવ્યા બાદ જન્મ, બાળપણ, દીક્ષા, સાધના આટલા પ્રસંગો પ્રભુની સામે બેસી વિચારવા-ચિંતવા.

દા.ત. પ્રભુ આપ માતાના ગર્ભમાં આવ્યાને જન્મ્યા ત્યારે સાતે નરકમાં અજવાળા થયા. મોટા ચક્રવર્તીઓ કે રાજાઓ જન્મી જાય છે છતાં પૃથ્વી ઉપર એવી કોઈ ઘટનાઓ સર્જાતી નથી જે તીર્થંકર પરમાત્મા વખતે સર્જાય છે. આકાશમાં પ્રભુના

અનુસંધાન પાના નં. ૮ ઉપર

# આતમ ઝંખે છૂટકારો...

## ચતુર્વિંશતિ સ્તવ

'મન્હ જિણાણં' સજ્ઝાયમાં કર્તવ્યરૂપે છ આવશ્યકો કરવા પ્રભુની આજ્ઞા છે. અહીં ઊભયટંકના પ્રતિક્રમણમાં થતા ષડાવશ્યકો પછી દિવસ દરમ્યાન થતા અલગ અલગ છ આવશ્યકો કેવી રીતે આરાધવા અને તેનાથી બન્ને પ્રકારના લાભ (આલોક-પરલોક, ભૌતિક-આધ્યાત્મિક, માનસિક-શારીરિક, સ્વ-પર) થાય છે. તેની વાત ચાલે છે. સામાયિકની વાત કર્યા પછી હવે બીજું આવશ્યક છે ચોવીસ ભગવાનની સ્તવના કરવી તે છે.

ચોવીસે ભગવાનની સ્તુતિ કરી હોય તેવું સૂત્ર હોય તો તે 'લોગ્ગસ્સ' સૂત્ર છે. તે સૂત્રમાં અરિહંત પરમાત્માનો મહિમા ટુંકાણથી આપ્યો છે. આ સૂત્રનું વિસ્તારથી વિવેચન 'પ્રતિક્રમણસૂત્ર પ્રબોધ ટીકા ભાગ-૧' (પ્ર.અમૃતલાલ કાળીદાસ દોશી)માંથી જોઈ-વાંચી લેવા ભલામણ છે. આ વિવેચન જાણ્યા-વાંચ્યા પછી લોગ્ગસ્સ સૂત્રનો મહિમા કંઈક સમજાશે.

આ સૂત્રની પહેલી ગાથા 'સિલોગો' છંદ તથા બાકીની છ ગાથાઓ 'ગાહા' છંદમાં છે. કુલ સાત ગાથાઓના ૨૮ પદો છે. જેમાં છેલ્લા ૩ પદો છોડી ઉપરના ૨૫ પદો કાયોત્સર્ગમાં ૨૫ શ્વાસોશ્વાસની જગ્યાએ ગણવામાં ઉપયોગ થાય છે. આમ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ગણવાથી ૧ લોગસ્સનો કાયોત્સર્ગ કરાય છે. જે ૨૫ શ્વાસોશ્વાસ પ્રમાણ ગણાય છે.



બીજા આવશ્યકની આરાધનામાં ચોવિસે તીર્થંકરોની સ્તુતિ કરવાની વાત છે. એટલે ચોવિસે તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્તથી ચરિત્રો દરેકે જાણવા જોઈએ. જેથી તેઓ કેટલા મહાન છે તેની પ્રતીતિ થાય છે.

અરિહંત પરમાત્માનો મહિમા અનંતાનંત છે, અપરંપાર છે. છતાં ૨૪ પરમાત્માઓમાં પણ અનેક વિશેષતાઓ બતાવેલી છે. તેઓના દરેકના પાંચ-પાંચ કલ્યાણકો ક્યારે, ક્યાં થયા, તેઓ ક્યારે થયા વગેરે જાણકારી પ્રભુ પ્રત્યે મસ્તક ઝૂકાવી દે તેવી છે. ૧૯મા મલ્લિનાથ પ્રભુ સ્ત્રી દેહે હતા. લગ્ન પૂર્વે જ દીક્ષા લઈ કેવલી થયા. તીર્થની સ્થાપના કરી. વળી ભગવાન નેમિનાથ (૨૨મા) લગ્ન કરવા નીકળ્યા ખરા પરંતુ ભોગાવલી કર્મોનો ક્ષય થઈ જતાં પશુઓનું નિમિત્ત પામી લગ્નના તોરણેથી પાછા વળી ૧ વરસ વરસીદાન કરી સહસાવન ગિરનાર ઉપર દીક્ષા લઈ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. જેમના કૃષ્ણ મહારાજા પિતરાઈ ભાઈ હતા.

ચઉવીસંપિ કેવલી આ પદમાં 'અપિ' શબ્દથી ઐરવત ક્ષેત્રમાં તથા મહાવિદેહ ક્ષેત્રોમાં રહેલા અન્ય તીર્થંકરો પણ સમજી લેવા. એવું ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યું છે.

ધર્મતીર્થને સ્થાપનાર તીર્થંકર કહેવાય છે. જગતનું ઉત્કૃષ્ટ ઐશ્વર્ય તીર્થંકરોના ચરણોમાં હોય છે. અપાર દિવ્ય સમૃદ્ધિ લઈને બેઠેલા ૧૦ વૈમાનિક દેવલોકના દેવ ૨ સૂર્ય-ચંદ્ર વિમાનના ઈન્દ્રો, ૨૦ ભવનપતિ ભવનોના ઈન્દ્રો, ૩૨ વ્યંતર નિકાયના ભવનોના ઈન્દ્રો મળી કુલ ૬૪ ઈન્દ્રો આ તીર્થંકર પરમાત્માઓ જન્મે ત્યારે તેઓના કલ્પ મુજબ તેઓએ મેરૂશિખર ઉપર પાંડુકવનમાં લઈ જાય છે. (જે સૂર્ય-ચંદ્રના વિમાનોથી પણ ઉપર છે.) ત્યાં રહેલી વિશાળ ચાર શિલાઓ પૈકી એક ચોક્કસ શિલા ઉપર સૌધર્મઈન્દ્ર તથા ઈશાનેઈન્દ્ર બેસી ભગવાનના (નાનકડા બાળકરૂપ) એક કરોડ ૬૦ લાખ કળશો વડે મહાઅભિષેક કરે છે.

ઓછામાં ઓછા કરોડ દેવો જ્યારે પ્રભુ તીર્થંકર બની (કેવલી થઈ) વિચરે ત્યારે તેમની સેવામાં રહે છે.

દરેક તીર્થંકર દેવોને અષ્ટપ્રતિહાર્યરૂપ લક્ષ્મી (શોભા) હોય છે. જે જગતમાં કોઈને ય હોતી નથી. સામાન્ય કેવલી ભગવંતોને પણ આવા અતિશયો-શોભા ન હોય. આવું આશ્ચર્યકારી ચરિત્ર પરમાત્માનું છે. અહીં બધું લખી શકાય તેમ નથી. એટલું જ કહીશ. તમે પ્રભુનો મહિમા જાણો. ચરિત્રો વાંચો તો પ્રભુ પ્રત્યે અપાર પ્રીતિ-બહુમાન જાગશે. તેમને પાંચે આંગળીએ પૂજા કરવાનું મન થશે. તેમનો આપણા ઉપર થયેલો અનંત ઉપકાર વિચારશો તો આખી જિંદગી તેમના ગીત ગાવાનું મન થશે.

શાસ્ત્રમાં પ્રભુના અષ્ટપ્રતિહાર્યોનું પણ ધ્યાન કરવાની વાત આવે છે. તેનાથી રોગ અને શોક દૂર થાય છે. પ્રભુના સમોવસરણનું ધ્યાન કરવાની વાત આવે છે. પ્રભુની ત્રણે અવસ્થાઓ (૧) પિંડસ્થ (કેવલજ્ઞાન પૂર્વેની) (૨) પદસ્થ (કેવલી અવસ્થા) અને (૩) રૂપાતીત (સિદ્ધ અવસ્થા) અવસ્થાનું ધ્યાન કરવાની વાત આવે છે. તેનું ધ્યાન કરવાથી અખૂટ કર્મનિર્જરા અને પ્રચંડ પુણ્યબંધ થાય છે.

અરે ! પ્રભુની વાત જવાદો... પ્રભુના પ્રત્યેક અંગની પૂજા, અર્ચના અને પ્રત્યેક અંગનું ધ્યાન અને ભાવન કરવાની વાત આવે છે. નવાંગી પૂજાના દુહાઓમાં મહાપુરુષોએ ભગવાનના ૯ અંગો કેમ પવિત્ર છે ? કેમ નવ અંગે પૂજા કરવાની ? તેનું વિજ્ઞાન વણી લઈ દુહા બનાવ્યા છે.

પ્રભુની પૂજા તો પુરુષો-સ્ત્રીઓ અને બાળકો પણ કરી શકે. પ્રભુ વીતરાગદેવ છે. વીતરાગની પૂજાથી રાગી પણ વીતરાગી થઈ જાય ! આવો મહિમા અરિહંત પરમાત્માનો છે.

લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણપૂર્વક શબ્દોનું ચિંતન કરવું. જેમ

કે, 'લોગસ્સ ઉજ્જોઅગરે' ઉજ્જોઅગરે એટલે ઉદ્યોત કરનાર, કોનો ? લોકનો. કયો લોક ? તો ચૌદ રાજલોક જેમાં ઉર્ધ્વલોક (ઉપર છેક સિદ્ધશીલા સુધી કંઈક ઓછું ૭ રાજલોક સુધી) અધોલોક તે નીચે કંઈક વધુ ૭ રાજલોક પ્રમાણ છે. જેમાં નરકાદિ આવાસો છે તથા તિર્યંગ્લોક-મધ્યલોક. જેમાં જંબૂદ્વિપ, અઢીદ્વિપ સહિત અસંખ્ય દ્વિપ-સમુદ્રો છે. આ ત્રણે લોકના સ્વરૂપને પ્રભુએ યથાસ્થિત કહ્યું છે. જે સર્વજ્ઞ વિના કોઈ કહી શકતું નથી. એટલા મહાન મારા પ્રભુ છે. આવા પ્રભુની સ્તુતિ કરવાની છે. કીર્તન કરવાનું છે.

લોગસ્સ સૂત્રમાં પ્રથમ તીર્થંકર, કેવલીઓની સ્તુતિ કરવામાં આવી છે. ત્યાર પછીની ૨જી, ૩જી, ૪થી ગાથામાં ઋષભદેવથી લઈ ભગવાન મહાવીર સુધીના ૨૪ તીર્થંકરોની નામપૂર્વક વંદના કરી છે. જ્યારે ૫મી છઠ્ઠી ગાથા પ્રાર્થના સ્વરૂપ છે. વળી ભગવાન કેવા છે ? જેમને તમામ કર્મોરૂપી મેલને દૂર કર્યો છે, તેવા 'વિહુયરયમલા' કહ્યા. વળી હવે તેઓ ક્યારેય જન્મ પામવાના નથી. માટે હવે મૃત્યુ પણ નથી એવા 'પહિણજર-મરણા' કહ્યા, આ રીતે પ્રભુનો મહિમા ગાઈ લોગસ્સ સૂત્ર દ્વારા વંદના-પૂજના કરી છે.

વળી આગળ વધી, હે તીર્થંકરો ! મારા ઉપર પ્રસાદવાળા થાઓ ! વળી મને આરોગ્ય બોધિલાભ અને ઉત્તમસમાધિ (મરણ) આપો. અહીં ભવરોગથી મુક્ત થવા ભાવ આરોગ્યની પ્રાર્થના કરી પરંતુ ભાવઆરોગ્ય કર્મક્ષય થવાથી આવે તેથી બોધિલાભની પ્રાર્થના કરી બોધિ આત્મામાં હોય ત્યારે જ ભવનો નિસ્તાર કરી શકાય તેવું જીવન જીવી શકાય છે અને આવું સમાધિમય-ધાર્મિક જીવનથી અંતે સમાધિ મરણની પ્રાપ્તિ થઈ શકે છે. સમાધિમરણ જીવને અત્યંત દુર્લભ છે. જો મરણ બગાડ્યું તો ભવ બગાડ્યો. તેથી ભવોભવ બગાડ્યા સમજો એટલે સમાધિમરણને જૈનદર્શનમાં ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. જયવીયરાય સૂત્રમાં પણ આવી જ પ્રાર્થના છે.

આ થઈ લોગસ્સ સૂત્રના આધારે ૨૪ પરમાત્માની ઓળખ અને ભક્તિ. તે જ રીતે દરરોજ તીર્થંકર પરમાત્માની વિધિપૂર્વક આરાધના કરવી જોઈએ.

તીર્થંકર પરમાત્માની આરાધના કરવાના ચાર નિક્ષેપા શાસ્ત્રમાં આપ્યા છે.

નામાકૃતિદ્રવ્યભાવૈઃ પુનતસ્ત્રિજગજ્જનં।
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસ્મહે॥

તીર્થંકર પરમાત્મા ચાર રૂપે ત્રણે જગતને પવિત્ર કરે છે. તે આ રીતે -

**નામ :** પ્રભુના નામસ્મરણથી, નામના જાપ કરવાથી, નામનું આલેખન કરવાથી પ્રભુની આરાધના થાય છે.

**સ્થાપના :** પ્રભુની પ્રતિમાની પૂજા-અર્ચના, અભિષેક, આંગી કરવી, આરતિ વગેરે વિધિ સહિત અષ્ટપ્રકારી પૂજા કરવાથી આરાધના થાય છે. પ્રતિમા ન હોય તો પ્રભુનું ચિત્ર હોય તો તેના ઉપર વાસક્ષેપ વગેરે પૂજા કરવાથી દર્શન વગેરે કરવાથી આરાધના થાય છે.

**દ્રવ્ય :** ભગવાન ભૂતકાળમાં જ્યારે હતા ત્યારના પ્રસંગો વિચારી-ધ્યાન કરવાથી તથા ભાવિમાં થનારા તીર્થંકરોને સ્મૃતિપટ ઉપર લાવી ધ્યાન વગેરે વડે આરાધના થાય છે.

**ભાવનિક્ષેપો :** જ્યારે પ્રભુ સાક્ષાત્ વિચરતા હતા, સમોવસરણમાં બેસી જ્યારે દેશના આપતા હતા તે ભાવ નિક્ષેપો છે, જે અત્યારે નથી પરંતુ તે પ્રસંગને યાદ કરી ધ્યાનાદિ દ્વારા આરાધના થાય.

આ આવશ્યકની આરાધનાથી આત્મામાં બોધિલાભની પ્રાપ્તિ થાય છે. ધર્મના બીજો વવાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિથી મોક્ષનું બુકીંગ થાય છે. દેવ-ગુરુ અને ધર્મની આરાધના સિવાય આ ચીજ બીજે ક્યાંયથી પ્રાયઃ મળતી નથી. એટલે જીવનમાં પરમાત્માની શુદ્ધભાવથી ઉત્સાહપૂર્વક સંસારના કાર્યો ગૌણ કરવાપૂર્વક આરાધના કરવી જોઈએ.

શાસ્ત્રમાં પરમાત્માની આરાધના માટે અનેક પ્રકારો બતાવ્યા છે. તેની વિધિઓ બતાવવામાં આવી છે. મુખ્ય છે પરમાત્માની પૂજા-પૂજન અને બહુમાન. પૂજા-પૂજનો પણ અનેક પ્રકારે છે. વિવિધ ઔષધિઓ યુક્ત જલથી તથા અનેક પ્રકારના જલથી જેવા કે સુગંધિજલ, તીર્થજલ, પવિત્ર કુંડોના જલ, દૂધ મિશ્રિત જલ, કેશર મિશ્રિત જલ, પવિત્ર ઔષધિઓના ચૂર્ણ અને મૂલિકાઓથી મિશ્રિત જલથી પરમાત્માનો અભિષેક થાય છે. દેવો પ્રભુના જન્માભિષેક વખતે ક્ષીરસમુદ્રના જલ લઈ આવે છે. તેને લક્ષ્યમાં લઈ આજે પણ જિનાલયોમાં પ્રભુના અભિષેક ક્ષીર વડે કરવા દૂધમાં પાણી ઉમેરી અથવા પાણીમાં દૂધ ઉમેરી ક્ષીરજલનો અભિષેક કરે છે. અખાત્રીજના રોજ વર્ષીતપના પારણા દિને આદિનાથ દાદાને કેટલીક જગ્યાએ શેરડીના રસના (પાણી ઉમેરી) અભિષેક થાય છે. અઢાર અભિષેક વિધિમાં આવા જલનો ઉપયોગ થાય છે. ધૃઝા (ઘી) તથા દહીંના પણ અભિષેકની વાત આવે છે. પંચામૃત બનાવી (પાણી, સાકર, દહીં, દૂધ અને ઘી) પ્રભુના અભિષેક થાય છે.

અભિષેકનો મહિમા અનાદિકાલથી છે. આ એક એવી સિદ્ધિ છે જેનાથી ઉભય પક્ષે કરનાર આત્માને તથા આ જગતને ખૂબ લાભ થાય છે. નિશ્ચયથી તે અભિષેક કરવાથી ખુદના આત્મામાંથી અશુભ કર્મોનો નાશ થાય છે. તેથી આત્મશુદ્ધિ થાય છે.

આ રીતે અષ્ટપ્રકારી પૂજા વગેરે જૈન સમાજમાં પ્રસિદ્ધ પૂજાની વિધિઓ છે. તે દરેકે કરવી જોઈએ. પ્રભુની પૂજા (દ્રવ્ય) કરવાથી પ્રચંડ પુણ્યની પ્રાપ્તિ થાય છે.

બીજો પ્રકાર છે **બહુમાન.** આ અભ્યંતર આરાધના છે. બાહ્યપૂજા સામગ્રી અને વચન-કાયાથી થાય છે. જ્યારે બહુમાન મનનો, ચિત્તનો પરિણામ છે. જેટલું બહુમાન પરમાત્મા પ્રત્યે

અનુસંધાન પાના નં. ૮ ઉપર

અનુસંધાન પાના નં. ૭ ઉપરથી

વધારે તેટલી આત્મશુદ્ધિ તથા પુણ્યનો બંધ વધારે. બહુમાન વિના માત્ર દ્રવ્યપૂજા સામાન્ય પુણ્યનો બંધ કરાવે છે. જ્યારે બહુમાન વિશિષ્ટ પુણ્યનો બંધ કરાવે છે. વિશિષ્ટ પુણ્યનો જ્યારે ઉદય થાય ત્યારે આત્મા તેના ઉદયકાળમાં નવા વિશિષ્ટ પુણ્યકાર્યો કરી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરે છે. થોડાક ભવોની અંદર તો પુણ્યને પણ ખપાવી વીતરાગ બને છે.

પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન પ્રગટે તે માટે પ્રભુનો મહિમા જાણવો જોઈએ. છતાં પણ આ મૂઢ જીવમાં જો બહુમાન પેદા ન થાય તો પરમાત્મા પાસે જઈને માથા પછાડી રડવું જોઈએ. પ્રભુ પાસે જ તેમની પ્રીત માંગવી જોઈએ. પ્રભુ પ્રત્યે જે આત્માઓને જો બહુમાન નથી તેવા આત્માઓ દયાપાત્ર બની જાય છે. હૃદયને કોમળ અને પ્રેમાળ બનાવી પ્રભુની પ્રીતિ માંગવા જેવી છે. આ પ્રીતિ તમારા સંસારની પ્રીતિને છોડાવી મોક્ષમાર્ગના પથિક બનાવે છે.

દ્રવ્યપૂજા કર્યા પછી ભાવ પૂજા છે. એટલે ત્રણ પ્રકારના ચૈત્યવંદન છે. એક ૩ ખમાસમણા પૂર્વક અરિહંત ચેઈઆણં કહી ૧નવકારનો કાયોત્સર્ગ કરી, પારી સ્તુતિ બોલવાની હોય છે. જ્યારે મધ્યમ ચૈત્યવંદન ઈરિયાવહિ કરી ત્રણ ખમાસમણા પૂર્વક ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ કરવાની છે. જ્યારે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન તે દેવવંદન છે, જેમાં ૩ વાર ચૈત્યવંદન, ૨ વાર ૪ થોયના જોડા, પાંચવાર નમુત્થણં તથા એક સ્તવન બોલવાનું હોય છે. આરાધકો તિથિના દિવસે દેવવંદન કરતાં હોય છે. પૌષધવ્રત કરનારને દિવસ દરમ્યાન ત્રિકાળ દેવવંદન કરવાના હોય છે. શ્રાવકોને રોજના ૭ ચૈત્યવંદન કહ્યા છે જેમાં સવારના બે ચૈત્યવંદન, રાઈ પ્રતિક્રમણમાં આવે છે. (૧) જગચિંતામણી (૨) વિશાલ લોચન દલં તથા સાંજના ૨ ચૈત્યવંદન દેવસિય પ્રતિક્રમણમાં આવે છે. (૧) નમોઙસ્તુ વર્ધમાનાય (૨) ચઉક્કસાય (સામાયિક પારતાં) તથા ૩, જિનાલયમાં ત્રિકાળ દેવવંદન. આમ કુલ શ્રાવકને રોજ ૭ ચૈત્યવંદન કરવાના કહ્યા છે. જે સવારનું પ્રતિક્રમણ ન કરે તેને ૫ ચૈત્યવંદન તો કરવાં જ જોઈએ.

તે રીતે સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ સાત ચૈત્યવંદન કરવાના હોય છે. જેમાં બે રાઈ પ્રતિક્રમણ અને બે દેવસિય પ્રતિક્રમણમાં ઉપર મુજબ. બીજા ત્રણ પૈકી એક ચૈત્યવંદન જિનાલયમાં, (મધ્યમ અથવા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન) એક પચ્ચક્ખાણ પારતી વખતે તથા એક આહાર વાપર્યા પછી, આમ સાત ચૈત્યવંદન છે. (પ્રવચન સારોદ્ધાર દ્વાર ૨૩મું)

ટુંકમાં દેવતત્ત્વ એવા પરમાત્માની ત્રિકાળ પૂજા, સ્તવના, વંદના, અર્ચના, ભાવભક્તિ વગેરે કરવું તે બીજા આવશ્યકની આરાધના છે. સંસાર પાર કરવાના બે જ મુખ્ય આધારો છે. એક જિનબિંબ અને બીજુ જિનાગમો. તેની દ્રવ્યભાવથી ઉત્કૃષ્ટ ભક્તિ કરવાથી મોક્ષભાવ પામી શકાય છે. ક્રમશઃ

અનુસંધાન પાના નં. ૫ ઉપરથી

જન્મ સમયે સાતે ગ્રહોની સ્થિતિ ઉચ્ચ બની જવાની ઘટનાથી લઈ અનેક ચમત્કારિક ઘટનાઓ પ્રભુના જન્મ વખતે બને છે. પ્રભુના જન્મનું સુતક કરવા ઉર્ધ્વ-અધોલોક આદિથી ૫૬ જેટલી દિક્કુમારીકાઓ વિવિધ કિંમતી વસ્તુઓ લઈ પૃથ્વી પર આવે અને પ્રભુનો જન્મ કરાવે.


જન્મ થયા પછી પ્રભુના પ્રભાવથી ઈન્દ્રના સિંહાસન ચલાયમાન થાય. ૬૪ ઈન્દ્રો મળી મેરૂગિરિ ઉપર પ્રભુનો અભિષેક કરે. ૧લા દેવલોકના ઈન્દ્ર સૌધર્મેન્દ્રદેવ જેઓની પાસે ૩૨ લાખ વિમાનો છે. દરેક વિમાન જંબુદ્વિપના માપનું છે ! વિચારો ! જેમની સેવામાં હજારો દેવો છે. જેમની પર્ષદામાં અનેક દેવીઓ છે. તેમના રહેવાના સ્થાનના દિવ્ય વર્ણનો સાંભળશો તો તમને તેમના ભૌતિક સુખોનો ખ્યાલ આવશે. પૃથ્વી ઉપર ક્યાંય ન મળે તેવા પાંચેય ઈન્દ્રિયોના ઉત્તમ વિષયો-દિવ્યભોગોમાં ગળાડૂબ એ દેવો બધું જ છોડી પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવવા આવે. પૂજામાં લખ્યું, 'તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં' નાક એટલે સ્વર્ગલોક, પ્રભુની ભક્તિની આગળ આવા દેવો પણ પોતાના દેવલોક અને તેના સુખોને તૃણ જેવા (ઘાસ જેવા) ગણે છે. બોલો આવી ભક્તિ હજાર ચક્રવર્તીઓ સાથે જન્મે તોય દેવો કરવા ના આવે ! શું આ પ્રભુની મહાનતા ઓછી છે ?

શાસ્ત્રમાં લખ્યું, આ પિંડસ્થ ભાવનાના ભાવનથી-ધ્યાનથી પ્રભુ સાથે એકાકારતા સધાય છે. તેનાથી આત્મા ઉપરથી ચિક્કાર કર્મ નિર્જરા થાય છે. ક્યારેય ન અનુભવેલા એક વિલક્ષણ પરમાનંદનો આસ્વાદ મળે છે.

વહાલ સોઈ પત્નીના અકાળે વિદાય થવાથી તમને જેમ બધુ શૂન્યકાર ભાસે છે, તેની સાથે માણેલા એક એક પ્રસંગો તમે યાદ કરી આંસુ સારો છો ? કેટલી મઝા આવતી હતી. તેની સ્મૃતિ વારંવાર થયા કરે છે.

આવો જ પ્રેમ જે પ્રભુ ભક્તોને પ્રભુ સાથે જામ્યો હોય તેવા સાધકોને શાસ્ત્રમાં લખેલા પ્રભુના પ્રસંગો વાંચી તેમાં એકાકાર બનવાનું મન થાય છે. કલાકો સુધી પ્રભુના ધ્યાનમાં પ્રભુ સાથે રહે છે ત્યારે જે આનંદ આવે છે તેનું વર્ણન શબ્દોમાં થઈ શક્તું નથી.

સાંભળ્યું છે કે, રામકૃષ્ણ પરમહંસ મા કાળીના પરમ ઉપાસક હતા. એ દેવી તત્ત્વની સ્મૃતિ તેઓને એટલી ગાઢ હતી કે, જ્યારે તેઓ કોઈ કાર્ય કરી રહ્યા હોય અને ક્યાંયથી શબ્દ સંભળાય 'જય મા કાળી' આ શબ્દ સાંભળી તેઓ મા કાળીના ધ્યાનમાં લીન થઈ જતા. ભાન ગુમાવી દેતા કેટલોય સમય બસ મા કાલી સાથે પસાર કરતા પરમાત્મ તત્ત્વ સાથે આવી પ્રીત ભાવ સંકોચ કહેવાય છે. ક્રમશઃ



અક્ષય ! યોગ ધર્મલાભ !

ચાર મહિના સુધી દવા લીધા પછી જો દર્દ ન મટે તો દર્દી ડૉક્ટર બદલી નાંખે છે. પાંચ વર્ષ સુધી જો ધંધામાં બરકત ન આવે તો માણસ લાઈન બદલી નાંખે છે. તો આજ લગી પૈસાની પાછળ ગાંડા ભૂત થઈને દોડવા છતાં જો ઠેકાણું ન પડ્યું તો હવે, ડાહ્યા થઈને લાઈન બદલી નાંખવી જોઈએ. આજ સુધીમાં એક પણ નરબંકો એવો થયો નથી કે જે પૈસાથી સુખ પામી શક્યો હોય અને પ્રેમમાં ફાવી શક્યો હોય. સૈફ પાલનપુરીનો એક શેર યાદ આવે છે,

"છે ઘણાં એવા કે જેઓ યુગને પલટાવી ગયા,
પણ બહુ ઓછા છે જેઓ પ્રેમમાં ફાવી ગયા."

દુનિયાના હાડ-માંસ-માટીના માણસોની માયા મેલી દઈને હવે પરમાત્માની પ્રીતડી બાંધી લેવી જોઈએ. સાચા સુખની પ્રાપ્તિ વૈભવી સાધનોથી નહિ પણ દિલથી કરેલી પ્રભુભક્તિથી થશે. ઠોઠ નિશાળીયો પરીક્ષા આવે ત્યારે ચોપડા વાંચવા બેસે અને ટ્યુશન ક્લાસ શોધવા નીકળે. એની જેમ નવું વર્ષ આવે અને ભગવાનને પટાવવા નીકળીએ એ ન ચાલે. પરમાત્મા સાથેનું રીલેશન માત્ર બેસતા વર્ષનું ન ચાલે. લાઈફ ટાઈમનું જોઈએ.

દુનિયાના ગમે તેટલા મોટા ધનાઢ્ય માણસને પણ પ્રભુના રીલેશન વિના નથી ચાલતું. ભારતના માજી રાષ્ટ્રપતિ જ્ઞાનિ ઝૈલસિંઘ રોજ ગ્રંથ સાહેબનું પારાયણ કરતા હતા. એકવાર રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્મા જીત્યા પછી તરત તીરૂપતિ બાલાજી પાસે ગયા હતા અને મસ્તકના વાળ ઉતરાવી નાંખીને ટાલીયું મસ્તક ભગવાનના ચરણે ધરી દીધું હતું. સોનીયા ગાંધી દર સોમવારે નકોરડો ઉપવાસ કરે છે. જેમણે ભગવાનને કાઢી મૂક્યા હતા, એવા રશીયા જેવા સામ્યવાદી દેશોને પણ થાકીને 'વેલકમ ગોડ' કરવું પડ્યું છે. દુનિયામાં કોઈને પણ ભગવાન વિના, ધર્મ વિના, ચાલી શકતું નથી. જેને સુખી થવું હશે એને કોઈને પણ ચાલી શકવાનું નથી.

**'ધર્મો રક્ષતિ રક્ષિતઃ'** ધર્મ સહુનો રખેવાળ છે. ધર્મ સહુનો પરમ આધાર છે. ધર્મ જ સહુને બચાવનાર છે, પણ 'સબૂર' ધર્મ તેને જ બચાવી શકે છે કે જેણે પોતાના હૈયે ધર્મને વસાવ્યો હોય. પરંતુ જેનું હૈયું ધર્મ વિહોણું હોય એવા ધીઠ્ઠાને ધર્મ કોઈ રીતે બચાવી શક્તો નથી.

તિબેટમાં એક વાર્તા પ્રસિદ્ધ છે. એક ચોરે આખા નગરમાં હાહાકાર મચાવી દીધેલો. રાજાએ તેને પકડવા માટે સી.આઈ.ડી.ને કામ સોંપેલું. એક રાતે આ ચોર ચોરી કરવા નીકળ્યો હતો. રસ્તામાં તેને ખૂબ ભૂખ લાગી. તેથી તેણે આસપાસ નજર કરી, એક ઝુંપડી દેખાઈ. તે ઝુંપડી તરફ ધસી ગયો. અંદર કોઈ જાગતું નથી ને ! તે તપાસવા એણે કાન માંડ્યા, તો અંદર ખાટલે સૂતેલી વહુ કણસી રહી હતી અને પોતાની સાસુને વહુ કહેતી હતી કે બા ! કંઈક તો ખાવાનું આપ ! મને કકડીને ભૂખ લાગી છે. મેં આઠ આઠ મહિના તો ખેંચી કાઢ્યા પણ નવમો મહિનો તો મને બહુ વસમો લાગે છે. મારી વેદનાનો કોઈ પાર નથી. બા ! મહેરબાની કર અને કંઈક ખાવાનું આપ !

બેટા વહુ ! તારી વાત સાચી છે. હાલ તું બેજીવાતી છે. માટે તને ભૂખ વધારે લાગે પણ બેટા ! ઘરમાં અન્નનો દાણોય નથી. ડબ્બામાં લોટનું નામ નથી તને શું આપું ?

બા ! ડબ્બામાં ભલે વધારે આટો ન હોય પણ ડબ્બાના પતરાને વળગેલો અને ખૂણે ભરાયેલો થોડો લોટ નીકળશે. તું ડબ્બો ખંખેર અને જે કંઈ ચમચી આટો નીકળે તે મને ફાકવા આપ.

પેટ ભરવા માટે કુટીરની પછી તે ઊભેલા ચોરે સાસુ-વહુનો આખો સંવાદ સાંભળ્યો. એનું દિલ દ્રવી ઉઠ્યું. એ ઝાલ્યો રહી ન શક્યો. ભૂખ્યા માટે સીધો કંદોઈની દુકાને પહોંચી ગયો. રાત્રે દુકાનનું તાળું તોડીને મીઠાઈના થાળ ઉઠાવી લીધા. પેલા ઝુંપડાની ઘાસની દીવાલમાં બાકોરું પાડીને મીઠાઈના થાળ અંદર સપ્લાય કરી દીધા. કશુંય બોલ્યા વિના પોતે ચૂપચાપ ત્યાંથી નીકળી ગયો.

સવાર પડીને પહેલાં સાસુ જાગી એણે મીઠાઈના થાળ જોયા અને વહુને જગાડી, બેટા વહુ બેટા ઉઠ ! જો આ ભગવાનની કમાલ ! તે રાત્રે તેનું નામ લીધું તો સવારે તારું ઘર ભરાઈ ગયું. આખો નવમો મહિનો ચાલે એટલી મીઠાઈ ઉપરવાળાએ રવાના કરી. લે બેટા ! પેટ ભરીને ખા !

પ્રેમથી મીઠાઈ આરોગી અને પેટમાં લાગેલી કારમી હુતાશણી ઠારી, પણ સવાર પડતાંની સાથે જ પેલો ચોર એકાએક પકડાઈ ગયો. સૈનિકોએ રાજાને સમાચાર આપ્યા. રાજાએ ખુશ થઈને આખા નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે આખા નગરને રંજાડનારો ચોર પકડાયો છે, તેને બપોરે બે વાગે ફાંસી આપવામાં આવશે. ખરે બપોરે ભરતડકે જ્યારે ચોરને ફાંસીને માંચડે લઈ જવાતો હતો ત્યારે એક તરફ રાજા અને એક તરફ ચોર ચાલતા હતા. ભયંકર તાપ વચ્ચે એક નાનકડી વાદળી આકાશમાં ધસી આવેલી. જે ચોરના માથે છાયો ધરતી હતી. રાજાને થયું કે, આ બદમાશને છાયો મળે અને મારે તડકો વેઠવાનો ? એણે ચોરને હડસેલો માર્યો અને ચોરની જગ્યાએ રાજા પોતે આવી ગયો પણ નીચેથી જેવો ચોર ખસ્યો કે તરત જ ઉપર વાદળ પણ ખસી ગયું અને ફરી પાછું બરાબર ચોરના માથે ગોઠવાઈ ગયું. જેટલીવાર રાજાએ ચોરને ખસેડ્યો એટલી વાર ઉપરનું વાદળ પણ ખસતું જ રહ્યું. રાજાને આમાં કંઈક ચમત્કાર લાગ્યો. એણે નગરના ધર્માચાર્યોને ભેગા કરીને આ કોયડાનો જવાબ માંગ્યો.

ધર્માચાર્યોએ જણાવ્યું કે, આ માણસે આખી જિંદગી ભલે ચોરીઓ કરી હોય પણ આજકાલમાં તેણે કોઈ મોટો ઉત્કૃષ્ટ ધર્મ કર્યો હોવો જોઈએ. હૃદયના સાચા ભાવથી જો નાનો ધર્મ પણ કર્યો હોય તો આવો ચમત્કાર સર્જાય છે. રાજા ચોરને પૂછે છે કે, તેણે કંઈ ધર્મકાર્ય કર્યું છે ? પેલા ચોરની આંખમાં આંસુ આવી ગયા. રડતી આંખે તેણે રાત્રે કરેલા કરૂણાધર્મની કહાણી કહી સંભળાવી, સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. રાજાએ આવા ધર્મી માણસની ફાંસી મુલત્વી રાખી અને રાજ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યો. જીવનમાં કરેલા એક જ નાનકડા ધર્મે ચોરનું આખું ચક્કર ફેરવી નાંખ્યું.

# પ્રભુ આવો કાળ ક્યારેય ન આવો !!!

પાંચ-પાંચ, છ-છ મહિના પછી આ પ્રેરણાપત્ર વાચકોના હાથમાં આવી રહ્યું છે. છ મહિનામાં ઘણું બધું બની ગયું. ધસમસતી ટ્રેનો અટકી ગઈ. હવાઈ જહાજોને આકાશ સાથેના સંબંધો અટકાવી દેવા પડ્યા, આસ્ફાલ્ટ રોડ ઉપર પૂરપાટ દોડતી રાક્ષસી ટ્રકો, મોંઘી ઓડી ગાડીઓ અચાનક ગાઢ નિંદ્રામાં સરી પડી, ચોવીસે કલાક ઝેરી-અઝેરી ધૂમાડાં ઓક્તી મસ મોટી ફેક્ટરીઓ અચાનક ચૂપ થઈ ગઈ, મઝેથી પ્રવાસ કરી રહેલા પ્રવાસીઓ માર્ગમાં જ ક્યાંક અટકી ગયા. દરેક દેશોએ અને દરેક દેશોમાં દરેક રાજ્યોએ પોતાની બોર્ડરો સીલ કરી. ન કોઈ આવે ન કોઈ જાય ! અરે ! ગામડામાં શુદ્ધાં પ્રવેશ-નિકાસ ઉપર પ્રતિબંધો લાગી ગયા. થોડા દિવસમાં તો જાતજાતની કરૂણાંતિકાઓ બહાર આવવા લાગી.

માતા-પિતાથી સંતાનો જુદા પડી ગયા, પતિ-પત્નીનો સ્નેહ અને પ્રેમનું માધ્યમમાત્ર મોબાઈલ બન્યો. આખા વિશ્વ ઉપર જાણે આફતના ઓળા ઉતર્યા. એકમાત્ર વાઈરસ કોરોના...!

આખા વિશ્વને જોતજોતામાં ભરડામાં લઈ લીધું. જન સમાજે પ્રથમવાર આવી ભીષણ મહામારી નજરો નજર જોઈ. ચીનમાંથી શરૂ થયેલા આ વાયરસે શરૂઆતમાં ઈટલી, જર્મની આદિ નાના નાના દેશોને પ્રભાવિત કરી ઘરઘરમાં મોત અને ભયનું સામ્રાજ્ય સ્થાપી દીધું. ત્યારબાદ તો અમેરિકા, બ્રિટન, રશિયા, ભારત જેવા મોટા દેશોમાં મહામારીએ એવા જ મોતના તાંડવ અને મહાભયનું વાતાવરણ કરી દીધું. જેટલા કોરોનાથી મર્યા તેટલા કદાચ તેના ભયના કારણે અને જુના રોગો વધી જવાથી મર્યા. ગમે તેમ પણ આખા વિશ્વમાં હાહાકાર મચાવી રહેલી આ કોરોના મહામારીનો હજુ કોઈ ઉપાય બતાવી શક્યું નથી.

હજુ લોકો મરી રહ્યા છે, પીડાઈ રહ્યા છે. ભયથી ઘરોમાં જીવી રહ્યા છે. છેલ્લા ૫-૫ મહિનાથી ધંધા-નોકરી-જોબ બધું જ અટકી જવાના કારણે દેશમાં આર્થિક કટોકટી સર્જાઈ, કરોડો મજુરો-કારીગરો બેકાર થયા. રોજનું પેટીયું રળનારા બિચારા શું કરે ! જેનું કોઈ ઘર નથી કે નથી બહાર ! પૃથ્વી અને આકાશ વચ્ચે જીવનારા અનેક ગરીબ લોકો ભૂખે મરવા લાગ્યા.

ખેડૂતો પાક તૈયાર કરીને બેઠા હતા પણ તેને વેચવો ક્યાં ! છતા પાકે તેમનેય ભૂખે મરવાના વાર આવ્યા. કેરીની આખી સીઝન પસાર થઈ ગઈ પણ કોના મોંઢામાં નાંખવી ! કેવી રીતે નાંખવી ? રોજની હજારો લાશ પડતી હોય ત્યારે સંવેદનશીલ માણસ કેરી ખાય કેવી રીતે ?

સરકારે મહામારીને નિયંત્રિત કરવા અનેક કાયદાઓનો અમલ કરાવ્યો. જેનાથી પણ પ્રજાને સુરક્ષિત રહેવામાં મદદ થઈ. ગરીબ લોકો માટે સરકારે અનેક રાહતો બહાર પાડી, ખેડૂતોને પણ રાહત માટે અનેક યોજનાઓથી લઈ રોકડા રૂપિયામાં સહાય કરવામાં આવી.

વિશ્વસ્તરે આવેલી આ મહામારીમાં મોટેભાગે ગરીબો આબાદ બચી ગયા છે. જ્યારે ઉચ્ચવર્ગ અને મધ્યમવર્ગ વધારે પ્રભાવિત થયો છે. ક્યાંક ગંદકી અને અસલામત ઝુંપડાંમાં રહેનાર કુટુંબો જીવે છે. પણ ૧૦ રૂમના બંગલામાં રહેનાર પાંચે જણ કોરોનામાં ફસાયા છે ! આ જ સમાચાર બતાવે છે કે, કર્મ કોઈનેય છોડતું નથી. તે વડાપ્રધાને કે મોટા હીરો અમિતાભને પણ માફ કરતું નથી.

માનવના સુરક્ષાનાં ચક્રો અત્યારે ઝપડથી બદલાઈ રહ્યાં છે. મહાસત્તાઓ ભયંકર સ્વાર્થપરત બની નિર્દોષ કરોડો લોકોને પોતાના સત્તાના ખપ્પરમાં ઝીંકી રહી છે. આ વિષય ઘણો રહસ્યમય છે. પરંતુ જેને ધર્મમાં શ્રદ્ધા છે. તેઓએ આવી પરિસ્થિતિમાં કોઈનોય અપરાધ જોયા વિના સ્વયં ધર્મનિષ્ઠ બની સ્વયંની સુરક્ષાનું કવચ ઊભું કરવું પડશે. રામ રાખે તેને કોણ ચાખે ? એ ન્યાયે એકમાત્ર શરણ સહુએ પોતાના ઈષ્ટદેવનું સ્વીકારવું તે આ બધાનું તારણ છે. 'જબ કોઈ નહિ આતા મેરે દાદા આતે હૈ' એ નાતે સહુએ જિનભક્તિ વધારી કર્મો સામે સુરક્ષા ઊભી કરવી પડશે.

છેલ્લા બે-બે મહિના કોરોનાએ ધર્મના પણ દરવાજા બંધ કરી દીધા. ભારતભરના મંદિરો, પૂજાઓ, યાત્રાઓ, અનુષ્ઠાનો આદિ તમામ ધર્મ ક્રિયાઓ ઉપર જાહેરમાં રોક લાગી ગઈ. જિનાલયોમાં માત્ર પરમાત્મા અને પૂજારીના સંબંધો સિવાય ભક્તોના સંબંધો ઉપર કાતર ફેરવી દેવામાં આવી.

આપણા મોટા તીર્થો શત્રુંજય અને શંખેશ્વર યાત્રિકો રહિત બન્યા. જ્યાં યાત્રિકો વધારેમાં વધારે આવે તેના માટેની સગવડો કરાતી હતી. ત્યાં એકપણ યાત્રિક ન આવે તે માટેનો પ્રબંધ કરવામાં આવ્યો ! કેવી પરિસ્થિતિ સર્જાઈ ? દાદાની યાત્રા અઢી મહિના બંધ રહી. હજુય પૂજા ક્યારે શરૂ થશે ? તેની રાહ જોવાય છે. શત્રુંજયના નજીકના ઈતિહાસમાં લગભગ ૯૪ વર્ષ પહેલાં પાલીતણાના દરબારે ચાલીસ વર્ષથી કરાર મુજબ ચાલતો મુંડવેરો (યાત્રિકકર) જે રૂા.૧૫૦૦૦ પ્રતિવર્ષ હતો. તે હવે પછી વધારીને યાત્રિક દીઘ રૂા.૨.૦૦ લેવાની માંગણી કરી. મહાજને તેનો વિરોધ કર્યો. અનેક પ્રયત્નો પછી દરબાર ન માન્યો. ત્યારે મહાજને યાત્રા બંધ કરવાનો નિર્ણય લીધો. ત્યારબાદ દાદાની યાત્રા બે વર્ષથી અધિક બંધ રહી. છેવટે સમાધાન થતાં ૧લી જૂન ૧૯૨૮ના રોજ શરૂ થઈ. આ વખતે પણ દાદાની યાત્રા લોકડાઉન ઉઠતાં લગભગ અઢી મહિના પછી ૯મી જૂને શરૂ થઈ. તે પણ માત્ર દર્શન, નો સ્પર્શ, નો પૂજા. તે જ પ્રમાણે શ્રી શંખેશ્વર દાદાના દરબાર પણ સૂના પડ્યા.

ઉપાશ્રયો બંધ થયા, પાઠશાળા, પ્રવચનો, અનુષ્ઠાનો, સામૂહિક ધાર્મિક ક્રિયાઓ પૂજા-સેવા આદિ ઉપર પ્રતિબંધ આવતાં ધર્મના જાણે પ્રાણ કંઠે આવી ગયા. ઘર જિનાલયમાં પણ પાડોશીને પૂજા કરવા આવવાની ના પાડવી પડે તે હદે કોરોનાએ લોકોને કેદ કર્યા. સોશ્યલ ડીસ્ટન્સે અનેક ઉપાધિઓ સર્જી જેને સુરક્ષાનું કારણ કહેવામાં આવ્યું.

જૈન સાધુ સંતો પણ ચાલુ વિહારમાં જ્યાં હતા ત્યાં સ્થિર થઈ જવું પડ્યું. અનેક મુશ્કેલીઓ તેઓએ પણ વેઠવી પડી. અનેક ઉપાશ્રયોમાં સાધુ ભગવંતો હતા. પરંતુ જાણે બધા જ કોરેન્ટાઈલ થયા હોય તેમ ત્યાં કોઈને આવવાની મનાઈ ફરમાવામાં આવી. જોકે સાધુસંતોને તો આ ઈષ્ટાપત્તિ હતી. તેઓ વધારે સ્વાધ્યાય મગ્ન બન્યા. પોતાની ધર્મક્રિયાઓ, અધ્યયન અને સ્વાધ્યાયમાં આખા વરસનું ભોજન બે મહિનામાં પૂરું કર્યું. નિર્દોષ ગોચરી અટન બંધ થયું. જિનાલયો, ચૈત્યપરિપાટી બંધ થયા. બે મહિના શ્રીસંઘોએ સાધુઓની તથા સાધ્વીજીઓની પ્રાણથી પણ અધિક સેવા કરી. આવી કટોકટીમાં કરેલી સેવાનાં ફળના પણ ગુણાકાર થાય છે.

સમાજમાં રહેલા ધનિક વર્ગોએ અંતરમાં પરમાર્થ જાગતાં અનેક જગ્યાએ સાધર્મિક ભક્તિ, અનુકંપા અને જીવદયાના અભિયાનો શરૂ થયા. જૈનોની ગળથૂથીમાં જીવદયા, અનુકંપા, જિનભક્તિ અને સાધર્મિકભક્તિના ડોઝ પાઈ દેવામાં જાણે આવતા હોય તેમ અનેક સંઘો, મંડળો, ટ્રસ્ટોએ તથા વ્યક્તિગત ધોરણે ત્રણે પ્રકારની સહાય શરૂ થઈ, ગ્રુપોને સામેથી દાન મળવા લાગ્યા અને આવા અભિયાનમાં અને સાધર્મિક પરિવારો, ગરીબો, મુશ્કેલીમાં મૂકાયેલા સામાન્ય તથા વી.આઈ.પી. લોકોના જાન, માલ બચી ગયા. રાહતનો શ્વાસ મળ્યો. ધર્મનું આશ્વાસન મળ્યું.

ભારતભરમાં ફેલાયેલા ઍલર્ટ ગ્રુપોએ પણ આ અભિયાનમાં ભાગ લીધો. ક્યાંક તો યુવાનોએ જાનના જોખમે જઈ સેવા કરી. નામાંકિત ડૉક્ટરો, વડીલો, ધારાસભ્યો, શ્રેષ્ઠિઓ અને નામાંકિત વેપારીઓ પણ પોતાના સ્વહસ્તે સાધર્મિકભક્તિ, અનુકંપા કરી પ્રભુની આજ્ઞાનું પાલન કર્યું. ઍલર્ટ ગ્રુપ - મુંબઈમાં ભાયખલા, ડાયમંડ માર્કેટ, ભાયંદર, ડોમ્બીવલી વિ. તથા અમદાવાદના ગ્રુપોમાંથી અનેક સહાય કરવામાં આવી.

લોકડાઉન દરમ્યાન પૂજ્યપાદ **પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજા** પ્રેરિત વર્ધમાન સંસ્કારધામ યુવાનોની સંસ્થા દ્વારા ૭ લાખ લોકો તથા અનેક પૂ.સાધુ-સાધ્વીજી મ.ને ઈન્યુનીટી વધારવાની દવાનું વિતરણ, ૩૫૦ કોવિડ પેશન્ટોને હૉસ્પિટલમાં ફ્રી ટ્રીટમેન્ટ, ૨૫૦૦ પી.પી.ટી. કીટનું વિતરણ, ૫૦ હજાર માસ્કનું વિતરણ, ૪૫ પાંજરાપોળોને સહાય ૩।। લાખ ગરમ ભોજન-ફૂડ પેકેટનું વિતરણ, ૧૬૦૦ સાધર્મિક પરિવારોને રોકડ સહાય - આમકુલ ૩।। કરોડના કાર્યો કરી જૈનત્વને શોભાવ્યું હતું.

સરકારના કોરોના ફંડમાં અનેક સંઘોએ તથા શ્રેષ્ઠિઓએ કરોડોના ફંડ આપી લોકોને સહાયભૂત થયા. આમ ભારતભરમાંથી દાનનો પ્રવાહ જોવા મળ્યો.

જૈનોમાં ઘરે બેસી સામાયિક કરવાનો, અનેક ધાર્મિક ઍક્ટિવિટી કરવાનો નવો ટ્રેન્ડ જોવા મળ્યો. કરોડો જાપ થયા. લાખો સામાયિક થયા. ધ્યાન અને યોગામાં લોકો સમય આપવા લાગ્યા. ઘરમાં પૂરાઈ રહેવાથી અનેક સંબંધો સચવાઈ ગયા. ક્યાંક દુર્ભાગ્ય યોગે તૂટી પણ ગયા. ક્લાસ-ટ્યુશન-સ્કુલો બંધ પડવાથી ચિન્ટુ-પિન્ટુને પપ્પા સાથે રોજની મુલાકાતો થવા લાગી. પપ્પાને હવે ખબર પડી કે દીકરો ૫-૭ વર્ષથી શું ભણે છે. પપ્પાને ભણાવતા જોઈ મમ્મીના પણ અભિપ્રાયો બદલાવા લાગ્યા. ના સાવ એવા નથી !

ચાર-પાંચ મહાનગરોમાં પર્યુષણ મહાપર્વના દિવસો પણ સાવ કોરા ગયા. જ્યાં હજારોની ભીડ થાય ત્યાં ગણત્રીના ભાઈ-બહેનોએ જરૂરી પ્રસંગોને સમેટી લેવા પડ્યા. જ્યાં ઓછા અસરગ્રસ્ત એરિયા હતા ત્યાં ડરતાં ડરતાં પણ પ્રવચનો, પ્રતિક્રમણો થયા. પર્યુષણના આઠ દિવસની આરાધના મોટેભાગે સચવાઈ ગઈ. એમ થાય, પ્રભુ આવી મહામારી તો ક્યારેય ન આવે. જ્યાં ભગવાન અને ભક્ત વચ્ચેના સંબંધો સાવ મૂકાઈ જાય. જ્યાં માતા-પિતાની સેવા ન થાય. જ્યાં સ્વજનને અંતિમવિદાય પણ ન આપી શકાય ! હાય ! આવો કાળ પ્રભુ ક્યારેય, ક્યાંય ન આવે.

સરકારની ગાઈડલાઈન મુજબ પર્યુષણની પણ સામૂહિક ઍક્ટિવિટી નિષેધ હોવાથી લોકોએ ઘરે આરાધના કરી, વીર જન્મ ઉજવી તથા પ્રતિક્રમણાદિ વિધિઓ ઘરે જ કરી. સંતોષ માનવો પડ્યો હતો. પર્યુષણ નિમિત્તે આઠે દિવસ અમદાવાદથી ગીરધરનગર સંઘ તરફથી અમદાવાદ તથા મુબઈમાં પર્યુષણ પ્લેટિનમ- વાંચન સામગ્રી અનેક સંઘોમાં મોકલવામાં આવી હતી. જેમાં નામાંકિત મહાત્માઓના પર્યુષણ સંબંધી લેખો લેવામાં આવ્યા હતા.

ભીવંડી **નેમ-રાજુલ ગ્રુપ** વગેરે ગ્રુપોએ ઓનલાઈન સ્નાત્ર, પારણા કોમ્પિટીશન, સંવાદ આદિ ભરચક કાર્યક્રમો રાખી લોકોને ઘેર બેઠા આરાધનાનો આસ્વાદ કરાવ્યો હતો.

આ વખતે ઍલર્ટ ગ્રુપના કોઈપણ યુવાનોને પર્યુષણ કરાવવા શ્રીસંઘોમાં મોકલવામાં આવ્યા ન હતા. તેથી યુવાનોએ પણ ઘરે રહી પોતાની તથા આજુબાજુ પાડોશીની સાથે રહી આરાધનાઓ કરી હતી.

## માનસમંદિરે યોજાયેલ છ'ગાઉ ભાવયાત્રા તા.૭-૩-૨૦૨૦

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજા પ્રેરિત **શ્રી શત્રુંજય તીર્થધામ ભુવનભાનુ માનસમંદિરે ૨૩મી** છ'ગાઉ ભાવયાત્રાનું સુંદર આયોજન થયું હતું.

આ વખતે પણ અનેક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રા મળી હતી. સવારે ૫-૩૦ થી લઈ રાત્રિના ૧૦ સુધી યાત્રિકોનો પ્રવાહ યાત્રાર્થે ચાલુ રહ્યો હતો.

તીર્થનો ટ્રસ્ટીગણ તથા સ્ટાફના ભાઈઓએ બે મહિના અગાઉથી જ યાત્રા માટેની તૈયારીઓ આરંભી દીધી હતી. યાત્રિકો માટે ઠેર ઠેર પાણીની વ્યવસ્થા, વિરામસ્થાનો તથા આવશ્યક જરૂરીયાતો માટે અગાઉથી આયોજન કરી યાત્રિકોને પૂરતી સગવડ મળી રહે તે માટે સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

યાત્રિકોનો પ્રવાહ વહેલી સવારથી જ શરૂ થઈ ગયો હતો. આખા દિવસ દરમ્યાન મુંબઈ-મહારાષ્ટ્રના વિવિધ ગામો તથા ગુજરાતથી ૨૦૦ ઉપરાંત બસો તથા અનેક પ્રાઈવેટ વાહનો દ્વારા યાત્રિકો આવ્યા હતા. તે રીતે ટ્રેન દ્વારા પણ મુંબઈથી યાત્રિકો આવ્યા હતા.

વિવિધ પરાઓમાંથી સંઘોમાં સ્પેશીયલ બસોનું આયોજન કરવામાં આવ્યું હતું. તીર્થના પાછળના ભાગના વિશાળ પ્લોટમાં તથા અન્ય સ્થાને બસો તથા વાહનોના પાર્કીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા સરકારશ્રી તરફથી પોલીસ આદિની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી.

સવારે પૂજ્ય ગુરુભગવંતોની સાથે યાત્રિકોએ ઉપાશ્રયથી વિધિ સહિત યાત્રાનો પ્રારંભ કર્યો હતો. સહુ તળેટી જિનાલય પાછળ આવેલ જયતળેટીના દર્શન વંદન કર્યા બાદ મૂળનાયક પ્રાચીન દાદા આદિનાથના ચૈત્યવંદન આદિ કરી, માતા સરસ્વતીની તથા પગલાંની દેરીના દર્શન કરી યાત્રિકો આરોહણ માર્ગે અન્ય ૧૯ દેરીઓના દર્શન-વંદન કરતાં ગિરિરાજ ઉપર ચડ્યા હતા. આરોહણ માર્ગને પણ કમાનો તથા ધ્વજા-પતાકાથી શણગારવામાં આવ્યો હતો. દરેક દેરીઓમાં ધૂપ-દીપ સાથે દર્શનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉપર આવ્યા બાદ શ્રી શાંતિનાથ જિનાલયે સહુ ચૈત્યવંદન આદિ કરી દાદાના મુખ્ય જિનાલયના મેઈન ગેટ દ્વારા વિશાળ જિનાલય તરફ ચાલ્યા હતા. પ્રાચીન ઘીયા પાર્શ્વનાથ ભ. તથા શ્રી શાંતિનાથ જિનાલય સાથે અન્ય ચાર જિનાલયોના દર્શન કરી મુખ્ય જિનાલયની પ્રદક્ષિણા કરી. જિનાલયના વિશાળ પટાંગણમાં જિનાલયની પ્રદક્ષિણા કરી હતી. ત્યારબાદ સહુ દાદાના નામના નારા પોકારતા પોકારતા વિશાળ રંગમંડપમાં આવ્યા હતા.

પ્રદક્ષિણા દરમ્યાન આગમમંદિર, પૂ.ગુરુદેવના સમાધિ મંદિર તથા ક્ષેત્રપાળદાદાના યાત્રિકોએ દર્શન કર્યા હતા. સાથે જિનાલયને ફરતી અધિષ્ઠાયકોની ૭ દેરીના પણ દર્શન કર્યા હતા. મુખ્ય જિનાલયનો ૭૬ x ૭૬ નો રંગમંડપ યાત્રિકોથી ખીચોખીચ ભરાઈ જવા પામ્યો હતો. દાદાની લાખેણી આંગીના યાત્રિકોએ મનભરી દર્શન કર્યા હતા. આજે તીર્થના બારે જિનાલયોને ફૂલોથી શણગારવામાં આવ્યા હતા તથા પ્રભુજીઓને ભવ્ય અંગરચનાઓ કરવામાં આવી હતી.

મુખ્ય જિનાલયમાં ચૈત્યવંદનાદિ વિધિ બાદ યાત્રિકો સુરજકુંડ ઉતરવાના રસ્તે પહાડ ઉતરી અજિત શાંતિની દેરીના દર્શન કરી પાલ તરફ વળ્યા હતા.

યાત્રિકોની ભક્તિ માટે શ્રીસંઘો તથા વિવિધ ગ્રુપો તથા શ્રેષ્ઠિઓ તરફથી ૫૦ જેટલા પાલોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે તીર્થની સ્વચ્છતા ઉપર તથા જયણા માટે વધારે ધ્યાન લેવામાં આવ્યું હતું. યાત્રિકોએ વિવિધ પાલોમાં પણ લાભ આપી યાત્રાનો આનંદ માણ્યો હતો. તીર્થમાં વિવિધ ગહૂલી પ્રદર્શન તથા નરક દર્શન વિડિયો પ્રદર્શન વગેરે ઊભા કરવામાં આવ્યા હતા.

ઉપાશ્રયની બાજુમાં ગુરુમંદિરને પણ શણગારવામાં આવ્યું હતું. યાત્રિકો દર્શન કરી પૂ.ગુરુદેવનો પરિચય પામ્યા હતા. છગાઉની ભાવયાત્રામાં અનેક લાભાર્થી પરિવારોએ લાભ લીધો હતો. તથા વ્યવસ્થાચક્રમાં લગભગ ૩૨૫ જેટલા કાર્યકર્તાઓએ સેવા આપી હતી. યાત્રા દરમ્યાન ટ્રસ્ટીમંડળ પણ બે દિવસ અગાઉથી જ યાત્રાને સફળ કરવા ઉપસ્થિત રહ્યા હતા.

**છગાઉ યાત્રાના મુખ્ય લાભાર્થી પરિવારો :**

- **માતુશ્રી સરસ્વતીબેન રસીકલાલ શાહ, પાલનપુર**
- **શ્રી નાકોડા ભૈરવ ભક્તિ મંડળ, ઘાટકોપર (વે)**
- **શ્રી વિલેપાર્લા જૈન સંઘ, વિલે-પાર્લા**
- **માતુશ્રી જયાબેન અનંતરાય સંઘવી - સાયન**

**વ્યવસ્થા ચક્રમાં ગ્રુપો : એલર્ટ ગ્રુપ ઑફ શાહપુર, ડાયમંડ માર્કેટ, નાલાસોપારા, વિરાર, ભાયંદર, ડોમ્બીવલી, ભાયંદર (ઈ), તથા સુણતર મહિલા મંડળ, શાહપુર મહિલા મંડળ, નેમરાજુલ ગર્લ્સ સર્કલ (૧૩૦ કન્યાઓ) ભીવંડી, એલર્ટ ગ્રુપ ઑફ ભીવંડી તથા ભીવંડી મોર્નીંગ પાઠશાળાના યુવાનો** તથા **સિદ્ધાર્થભાઈનું** ગ્રુપ - ભીવંડી વગેરે મળી કુલ ૩૨૫ જેટલા યુવાનો યાત્રામાં ખડેપગે ઉપસ્થિત રહી સેવા આપી હતી.

૪૦,૦૦૦ જેટલા યાત્રિકોએ છ'ગાઉ યાત્રાનો લાભ લીધો હતો. ત્યારબાદ વિશ્વમાં કોરોના વાયરસની ભયાનક પરિસ્થિતિ સર્જાતા ભારતમાં પણ તેના પગલાં લેવાતાં તીર્થની યાત્રા વગેરે બંધ કરવામાં આવી હતી. ત્યાર પછીના કોઈપણ કાર્યક્રમ થઈ શક્યા નહિ.

## લોકડાઉનમાં મીડિયાના માધ્યમે પૂજ્ય ગુરુદેવશ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજાની ૧૧મી પુણ્યતિથિની ઉજવણી

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી મહારાજા** નડિયાદ મુકામે ૩૦-૪-૨૦૦૯ના રોજ કાળધર્મ પામ્યા હતા. વૈશાખ સુદ ૬નો તે દિવસ હતો. ત્યારથી શ્રી જૈન એલર્ટ ગ્રુપોમાં તથા કેટલાક સંઘોમાં દર વર્ષે તેઓશ્રીની પુણ્યતિથિની ઉજવણી થાય છે. તે દિવસે અનેક સંઘોમાં જિનાલયોમાં સાંજે ૭-૫૦ વાગે સામૂહિક આરતિઓ થાય છે. જીવદયા, અનુકંપા આદિ કાર્યો યુવાનો કરે છે. સમૂહ સામાયિક આદિ આરાધનાઓ થાય છે.

આ વર્ષે લૉકડાઉન હોવાથી યુવાનોએ મિડિયાના માધ્યમે પૂજ્ય ગુરુદેવની ૧૧મી પુણ્યતિથિએ વિશિષ્ટ આયોજનો કર્યા હતા.

ભાયખલા ગ્રુપ તરફથી ફેસબુક દ્વારા પૂ.ગુરુદેવના ગુણાનુવાદ કરતો યુવાનોનો ૧ થી ૨ મિનિટનો વિડિયો વાયરલ કરી દુનિયાને પૂ.ગુરુદેવનો આછો પરિચય કરવાનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો. ઉપરોક્ત તથા આ કાર્યો વૈ.સુ.૬ના રોજ સવારે ૮ કલાકે મીડિયા ઉપર મૂકવામાં આવ્યા હતા.

અનેક યુવાનોએ પોતાના ઘરમાં જ પૂજ્ય ગુરુદેવના ગુણાનુવાદ કરતો વિડિયો ફેસબુક ઉપર વાયરલ કર્યો હતો. અનેક યુવાનોએ પૂ.ગુરુદેવને પોતાની જીવનનાવના નાવિક ગણાવ્યા હતા તથા શાસનને સમર્પિત રહેવાના મનોરથ કર્યા હતા.

પૂ.આ.શ્રી **રત્નસુંદરસૂરીશ્વરજી** મહારાજાએ તથા પૂ.મુનિશ્રી પ્રભુરક્ષિત વિ.મ., ભાયખલા તથા ચાલીસગામથી પૂજ્યશ્રીના ગુણાનુવાદ કર્યા હતા.

શહાપુર ગ્રુપે પૂજ્યશ્રીની પુણ્યતિથિ નિમિત્તે ટ્રસ્ટમંડળમાં, ગામમાં તથા સહુના સગા-સંબંધિઓને સમૂહ સામાયિકમાં જોડ્યા હતા. લગભગ ૧૦૦૦ જેટલા સામાયિક નોંધાયા હતા. માનસમંદિરના દરેક ટ્રસ્ટીઓએ તથા તીર્થમાં સ્ટાફના ભાઈઓએ પણ સામાયિક કરી પૂજ્યશ્રીને અંજલિ આપી હતી.

## લોકડાઉનમાં એલર્ટ એક્ટિવિટી...

બારેમાસ ધર્મની પ્રવૃત્તિ કરતા એલર્ટ ગ્રુપના યુવાનોએ મહામારીની વિકટ પરિસ્થિતિમાં પણ પુણ્યોપાર્જનની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. તેટલું જ નહિ વિસ્તારી હતી. અનેક સાધર્મિક પરિવારો, ગરીબો, પાંજરાપોળોમાં રહેલા પશુઓને શાતા-સમાધિ આપવાનું કાર્ય કર્યું હતું.

(૧) **પૂજ્ય આ.શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા** પ્રેરિત **શ્રી શાંતિનાથ ભ.**ના સામૂહિક જાપ અભિયાનમાં અમદાવાદ-મુંબઈ આદિના યુવાનોએ અનેક પરિવારોને જોડી ૫૪ કરોડથી અધિક જાપ કરાવ્યા હતા. આ જાપ એક જ સમયે એક જ સ્થાન ઉપર બેસીને કરવાના હતા. સળંગ એકવીસ દિવસ રોજની ૧૧ માળા **ૐ હ્રીં શ્રીં અર્હં શ્રી શાન્તિનાથાય નમઃ** - ના મંત્રની ગણવાની હતી. કુલ ૨૧૦૦૦થી વધારે આરાધકો જાપ મહાયજ્ઞમાં જોડાયા હતા.

(૨) મહામારી દરમ્યાન ગ્રુપના યુવાનોએ નકારાત્મક અભિગમ છોડાવવા તથા ભય અને ચિંતાથી મુક્ત બનવા સોશયલ મિડિયા દ્વારા પોતપોતાના ઘરેથી સામાયિક, ધ્યાન, જાપ, સેવા, વૈયાવચ્ચ આદિ પ્રવૃત્તિઓના સેંકડો ફોટા અપલોડ કરી લૉકડાઉનમાં ધર્મ ક્રિયામાં જોડાવા પ્રેરણા કરી હતી.

એલર્ટ યુવાનોને સામૂહિક સામાયિક, સિદ્ધચક્ર-ધ્યાન-જાપ કરતા જોઈ અનેક પરિવારોએ અનુમોદના કરવા સાથે પોતાના ઘરને પણ મંદિર બનાવવાના પ્રયત્ન કર્યા હતા. હજારો યુવાનો સામાયિક, પ્રતિક્રમણના સૂત્રો કંઠસ્થ કરવામાં લાગી ગયા હતા. તેના ફળ સ્વરૂપે પર્યુષણ પર્વ દરમ્યાન જ્યારે ઉપાશ્રયોમાં જવાનો નિષેધ હતો ત્યારે અનેક યુવાનોએ પોતાના ઘરે જ આઠે દિવસ આડોસી-પાડોશીઓને બોલાવી પ્રતિક્રમણાદિ કરાવ્યા હતા.

ચૈત્રી શાશ્વતી ઓળી દરમ્યાન યુવાનોએ બાળકો માટે નવપદજીયંત્રની એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. ભારતભરમાંથી ૨૫૦ બાળકોએ ભાગ લીધો હતો. સંગીતકાર યુવાનો દ્વારા રોજ રાત્રે વર્ચ્યુઅલ પ્રભુ ભક્તિના આયોજન કર્યા હતા. અલગ-અલગ યુવાનોએ સુંદર પ્રભુ ભક્તિના ગીતો રજૂ કરી લોકોની રાત્રિ ધર્મમય બનાવી હતી.

એકાંતરે યુવા સશક્તિકરણ માટે ઍજ્યુકેશન, સ્કીલ ડેવલપમેન્ટ, ઈન્ટરવ્યુ પ્રીપ્રેશન, સી.વી.પ્રીપ્રેશન, માનયનોરીટીના લાભાલાભ, વ્યાપાર વૃદ્ધિ માટે ૯૦-૯૦ મિનિટનો ઑનલાઈન વર્કશોપ રાખી યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

એલર્ટ આઈડીયલના માધ્યમે સંગીત સ્પર્ધા, વક્તૃત્વસ્પર્ધા, ઈન્ટ્રુમેન્ટ સ્પર્ધા, એક પાત્રીય અભિયન સ્પર્ધા, પ્રાચીન તીર્થ સ્પર્શનાની સ્પર્ધા વિ યુવાનોની શક્તિને ઉજાગર કરવાના આયોજન કર્યા હતા.

વૈ.સુ.૬, પૂજ્યપાદ ગુરુદેવશ્રી **હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**ની ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે એક સાલ હો બેમિલાસ આયોજન અંતર્ગત બાર માસિક અનેક અરાધનાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧-૫-૨૦૨૦ થી તા.૩૦-૪-૨૦૨૧ સુધી ૧ વર્ષ ૧૨મું સ્વર્ગારોહણ વર્ષ તરીકે ઉજવવા પ્રેરણા કરી હતી.

❖ **મે** : સૂત્ર સ્વાધ્યાય - ધાર્મિક વાંચન. ❖ **જૂન** : બહારનું

ભોજન બંધ. ❖ **જુલાઈ** : થિયેટર - મોબાઈલ ઉપર મૂવી દેખવાનું બંધ. ❖ **ઓગષ્ટ** : ૧ કલાક પ્રવચન શ્રવણ અથવા સત્સંગ. ❖ **સપ્ટેમ્બર** : ઑનલાઈન ખરીદી બંધ ❖ **ઓક્ટોબર** : સ્વદેશી ચીજનો જ ઉપયોગ. ❖ **નવેમ્બર** : નિત્ય સામાયિક, ધ્યાન, જાપ, આરાધના. ❖ **ડીસેમ્બર** : પ્રાચીન તીર્થ યાત્રા. ❖ જાન્યુઆરી : સપરિવાર સંવાદ, પ્રાર્થના. ❖ **ફેબ્રુઆરી** : આગામી ૨૫ વર્ષ આપ જિનશાસન માટે શું યોગદાન આપશો ? બે પાનાનો નિબંધ. ❖ **માર્ચ** : ઉણોદરી તપ દરરોજ. ❖ **એપ્રિલ** : ટાઈમપાસ માટે મિડિયાનો ઉપયોગ નહિ. (૩ ક. રોજ ધંધા માટે છૂટ)

યોજનામાં જોડાવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી વિવિધ આરાધનાનો ઉપરોક્ત ચાર્ટ આપવામાં આવ્યો હતો. આ રીતે પણ અનેક યુવાનો આરાધનામાં જોડાયા હતા. યુવાનો દર મહિને એક નિયમનું પાલન કરી પૂજ્ય ગુરુદેવની સ્મૃતિ સાથે ધર્મઆરાધનામાં આગળ વધશે. આ યોજનાના અંતે ૧૧ સૌથી વધુ આરાધના કરનાર યુવાનોનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે.

**ભાયખલા ગ્રુપ** : લોકડાઉન દરમ્યાન ૫૫૦ સાધર્મિક પરિવારોને તેમના ખાતામાં ૫૦૦૦ જેટલી રકમ બે વાર ભરવામાં આવી. ત્રીજીવાર પણ ભરવામાં આવશે. ૭૦૦ સાધર્મિક પરિવારોને રૂા. ૨૦૦૦ની અનાજની કીટ મોકલવામાં આવી. ચરોતરના ૪૧ પરિવારોને તેમના ખાતામાં ઓગષ્ટ માસ સુધી (ચાર મહિના) દર મહિને ૩૦૦૦ રૂા.ની રકમ ભરવામાં આવશે.

આ સિવાય પણ મુંબઈમાં રીક્ષા, ટેક્ષી, હાથલારી, પાટીવાળા મજૂરોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોતાના વતન જતા મજુરોને રાણીબાગ જઈ દરરોજ ૧૫૦૦ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય પણ આ ગ્રુપ અનેક સુંદર કાર્યો કરી રહેલ છે.

**ડાયમંડ માર્કેટ** : ગ્રુપે લોકડાઉન દરમ્યાન ઓનલાઈન ઉપર ૧૩૦૦ આરાધકોને નોંધી ૮૭૧૦૦ જેટલા સામાયિક કરાવ્યા હતા તથા ૪૮૮૧૪૨ જાપ કરાવ્યા હતા. ૫૦૦ પરિવારોને સાધર્મિક ભક્તિ કરવામાં આવી. જૈનેતર પરિવારોને ૫૦૦ અનાજની (૧૦૦૦ રૂા.) કીટ વિતરણ કરવામાં આવી. આ સિવાય દરરોજ ૫૦ કિલો પક્ષીને ચણ, કૂતરા તથા ગાયને દૂધ-રોટલીનું ભોજન કરાવવામાં આવે છે. જીવદયા તથા સાધર્મિક ક્ષેત્રે આ ગ્રુપ પણ સારું કાર્ય કરી રહ્યું છે.

## ૮૦૦ વર્ષ પ્રાચીન ખેરાલુનું શ્રી ઋષભદેવ જિનાલય

ગુજરાતમાં અમદાવાદથી તારંગા તીર્થે જતાં ખેરાલુ નગર આવે છે. ત્યાંથી તારંગા ૨૫ કિ.મી. જેટલું થાય છે. ખેરાલુમાં ત્રણ જિનાલયો એક જ પરિસરમાં છે. ત્રણેયમાં પ્રાચીન પ્રતિમાઓ છે. ગામમાં જૈનોની વસતિ પણ છે.

તેમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવનું પ્રાચીન જિનાલય ખૂબ જ ઊર્જાથી ભરેલું છે. પ્રભુની પ્રતિમા જોતાં જ નયનો ઠરી જાય એટલી વિશાળ અને દર્શનીય છે. આ જિનાલય વિ.સં.૧૩૦૧માં બન્યું છે તેવો ઈતિહાસ મળે છે.

૧૧મી સદીના અંતમાં શ્રીમાળી જૈનો હતા. તેમનો આદિ પુરુષ ભિન્નમાલનગરનો (રાજસ્થાન) ભ. શાંતિનાથના જિનાલયનો ગોષ્ઠિ શેઠ શ્રીમલ્લ નામે હતો. તેમનો એક વંશજ શેઠ જિનદાસ બેણપમાં રહેતો હતો. રૂપમાં અતિસુંદર હતો. તે સમયે બેણપમાં રાજા ભીમનું રાજ્ય હતું. રાણાને સંતાન ન હોવાથી તેણે પોતાના દિવાન જોગાની પુત્રી માનાને ખોળે લીધી હતી.


એકવાર આ જિનદાસ ઉપર માના મોહિત થઈ. રાજાએ પરણાવાની તૈયારી બતાવી પરંતુ જિનદાસે માના દશા શ્રીમાળી હોવાથી ના પાડી છતાં રાજાએ બળજબરીથી લગ્ન કર્યા. પછી તો જિનદાસ ત્યાંથી નીકળી આરાસણમાં રહેવા લાગ્યો. ત્યાં મરકી ફાટી નીકળવાથી જિનદાસના વંશજો ઈડરમાં જઈ વસ્યા. તેમાંના એક મંત્રી નાયકે સં.૧૩૦૧માં ભ. ઋષભદેવનું મંદિર બંધાવી આ.સિંહપ્રભસૂરિ (વિજાપુર) પાસે પ્રતિષ્ઠા કરાવી.


આ સિંહપ્રભસૂરિ વિજાપુરના હતા. પિતા અરિસિંહ પોરવાડ તથા માતા પ્રીતિમતી હતી. સં. ૧૨૮૩માં જન્મ્યા હતા. ૫ વર્ષ બાદ મારી-મારકીના રોગમાં માતા-પિતા મરણ પામ્યા. તેમના કાકા હરિએ વલભીશાળાના ભટ્ટારક ગુણપ્રભને ૧૦૦ સોનામહોરો લઈ સોંપી દીધા. વિ.સં.૧૨૯૧માં તેઓએ દીક્ષા લીધી. ત્યારબાદ તેઓ ભણ્યા અને સમર્થવાદી બન્યા. વિ.સં.૧૩૦૯માં ખંભાતમાં આ.મહેન્દ્રસૂરિનો કલ્પસૂત્ર વાંચતાં વાંચતાં વાયુના અતિપ્રકોપથી અચાનક કાળધર્મ થયો. તેમના શિષ્યોમાં યોગ્યતા ન હોવાથી ખંભાતના સંઘે તેઓને યોગ્ય જાણી ૧૩૦૯ની સાલમાં આચાર્યપદે આરૂઢ કર્યા. પછી તેઓ લાંબુ આયુષ્ય જીવી શક્યા નહિ. સં.૧૩૧૩માં ભરયુવાનીમાં કાળધર્મ પામ્યા. આમ આ.મહેન્દ્રસૂરિની પાટે આવેલા સિંહસૂરિ કર્મના ઉદયે શિથિલ થયા. ચૈત્યવાસી ભટ્ટારક બન્યા. તેમના ઉપદેશથી ૧૩૦૧માં ઈડરના મંત્રી નાયકે ખેરાલુમાં શ્રી આદિનાથ મંદિર બનાવેલું છે.


તારંગા તીર્થે જતાં આ પ્રતિમાના દર્શન-પૂજન અવશ્ય કરવા જેવા છે.

**લોકડાઉનના કારણે એપ્રિલ, મે, જૂન, જુલાઈ, ઓગષ્ટ માસના અંકો પ્રકાશિત કરી આપને પોસ્ટ કરી શક્યા નથી તે બદલ ક્ષમા કરશો.**

# જૈન એલર્ટ ગ્રુપ દ્વારા લોકડાઉનમાં યુવાનો દ્વારા વિવિધ એક્ટીવિટી


આમોદ ગ્રુપ દ્વારા અત્યંત ગરીબોને અનુકંપાદાન



ઔરંગાબાદ ગ્રુપ દ્વારા સફાઈ સેવક, પોલીસ કર્મચારી ફૂડ પેકેટ વિતરણ


બાલાપુર ગ્રુપ દ્વારા ગરીબોને બિસ્કીટ તથા ચવાણાના પેકેટનું વિતરણ


ભરૂચ ગ્રુપ દ્વારા ખીચડી અને છાશનું વિતરણ



ડભોઈ ગ્રુપ દ્વારા મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે ભાત, મગ અને બુંદીનું વિતરણ


ધ્રાંગધ્રા ગ્રુપ દ્વારા ગરીબોને અનાજની કીટનું વિતરણ


હિન્ડૌન સીટી દ્વારા હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ


લુણાવાડા ગ્રુપ દ્વારા ફૂડ પેકેટ વિતરણ


લુણાવાડા ગ્રુપ દ્વારા ફૂડ પેકેટ વિતરણ


કલ્યાણ ગ્રુપ દ્વારા આદિવાસી વિસ્તારમાં અનાજ વિતરણ


બરોડા ગ્રુપ દ્વારા સાધ્વીજી ભ.ની વૈયાવચ્ચ



નાલાસોપારા ગ્રુપ દ્વારા સાધ્વીજી ભ.ની વૈયાવચ્ચ


સુરેન્દ્રનગર ગ્રુપ દ્વારા સાધુ-સાધ્વીજી ભ.ની વૈયાવચ્ચ


વડોદરા ગ્રુપ દ્વારા સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધનાનું આયોજન


ભાયંદર ગ્રુપ દ્વારા ૪૧૫ ઉપરાંત સામાયિક આરાધના


ધ્રાંગધ્રા ગ્રુપ દ્વારા પાંજરાપોળમાં ઘાસ વિતરણ



तहसिल कार्यालय, लोणार

હિન્ડૌનસીટી ગ્રુપ દ્વારા પાંજરાપોળમાં ઘાસ વિતરણ

સૌજન્ય : સ્વ. કાન્તાબેન ચંદુલાલ મહેતા, ભાયખલા, મુંબઈ

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd. PSO
Reg.No. : GAMC 988 / 2018-2020 Issued by SSP Valid up to 31-12-2020
Licence to Post without Prepayment LPWP Licence No. : PMG/HQ/058/2018-20 Valid up to 31-12-2020



श्री शत्रुंजय तीर्थधाम भुवनभानु मानसमंदिरम् तीर्थ

માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઑફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514